જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧/૨૦૧૫ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૨૦ લીટર દેશી દારૂ અને ૪૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૮૯/૧૫**

**શાહીબાગ :** અશોકસિહ બાબુસિહ ઠાકોર (રહે, લક્ષ્મીનિવાસ, પ્રભુનગર સર્કલ પાસે, અસારવા, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧/૧૫ સવારનાં ૮/૦૦ થી ૮/૪૫ વાગ્યા દરમ્યાન શાહીબાગ, અસારવા ચકલા, કોઠારી ક્લાસીસ આગળથી કોઇ અજાણી વ્યક્તિ પોતાની પુત્રી અમીતા (ઉ.વ.૧૬) નું અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.ખીલેરી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૦/૧૫**

**દાણીલીમડા :** મોસીનભાઇ સિદ્દિકભાઇ મન્સુરી (રહે.ચિંતન એપાર્ટમેન્ટ, કાશીરામ સોસાયટી પાસે, વિશ્વકુંજ ચાર રસ્તા પાસે, પાલડી) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧/૧૫ થી તા.૧૨/૧/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના દાણીલીમડા મોતીબેકરી પાસે આવેલ અમન મોલ્ડીંગ નામના કારખાનાનું શટરનો નકુચો તોડી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી ઘનમેટલ ઇન્ગોટ(પ્લેટો) નંગ-૧૩૫ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**ખોખરા :** કિશનભાઇ જેરામદાસ જેશિંગાની (રહે.ચંદ્રલોક સોસાયટી, કેડીલા રોડ, ઘોડાસર, મણીનગર) એ તા.૧૨/૧/૧૪ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૨/૧૪ થી તા.૧૨/૧/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના વિઠ્ઠલ મંદીર પાસે જયતુનપાર્ક સોસાયટીનાં મકાનમાં આવેલી દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઓસવાલ કંપનીના દોરાના કાર્ટુનમાંથી નંગ-૧૧૪ કિંમત રૂપિયા ૨૭,૯૩૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.ઠાકોર ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૧/૧૫</u>**

**વસ્ત્રાપુર :** મનાલીબેન સમીરભાઈ શાહ (રહે, પલ્લવ એપાર્ટમેન્ટ, નારણપુરા) એ તા.૧૧/૧/૧૫ રાતનાં ૮/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર સોમીલ સોસાયટી ના ગેટ સામે રોડ ઉપર પોતાની હ્યુંડાઈ સેંટ્રો કાર નંબર જીજે.૧.એચ.બી.૩૧૩૩ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ મનાલીબેન શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે જે ચાવડા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૨/૧૫</u>**

**વેજલપુર :** મનીષકુમાર છગનલાલ ગરાસીયા (રહે. ગુ.હા.બોર્ડનાં મકાનમાં, નળ સરોવર રોડ, સાણંદ જી.અમદવાદ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧/૧૫ નાં કલાક ૧૨/૫૦ વાગ્યાના સુમારે વેજલપુર વિશાલા સર્કલ પાસે રોડ ઉપરથી પોતાના પિતા છગનલાલને અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી ટક્કર મારતાં, છગનલાલને સારવાર અર્થે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.બલદાણીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.